# ગાંધીનગરમાં ગ્લોબલ ટ્રેડ શૉનો પ્રારંભ

## ટ્રેડ શોનું ઉદ્‌ઘાટન કર્યા બાદ નિરીક્ષણ કર્યું : જાપાન સહિત જુદા જુદા પેવેલિયનમાં પહોંચી માહિતી મેળવી : મોદી ઈલેકટ્રીક કારમાં બેસીને ટ્રેડ શોમાં પહોંચ્યા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતના મહેમાન બન્યા બાદ સૌથી પહેલા ગાંધીનગર રેલવે સ્ટેશનના નવિનીકરણ પ્રોજેક્ટ માટે ભૂમિપૂજન કર્યા બાદ વાઈબ્રન્ટના ભાગરૂપે ગ્લોબલ ટ્રેડ શોનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ગ્લોબ ટ્રેડ શોનું ઉદ્‌ઘાટન કર્યા બાદ મોદીએ ઉત્સુકતાપૂર્વક ગ્લોબલ ટ્રેડ શોમાં રહેલા આકર્ષક સ્ટોલનું નિરીક્ષણ કર્યું હતું. જુદા જુદા દેશોના પવેલિયનની મુલાકાત પણ લીધી હતી. સાથે સાથે તેમના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી હતી. મોદીએ આ ટ્રેડ શોમાં ઉપસ્થિતિ દરમિયાન તમામની સાથે ઉત્સુકતાપૂર્વક ફોટા પણ પડાવ્યા હતા. મોદી ટ્રેડ શોમાં ઈલેકટ્રીક કારમાં બેસીને પહોંચ્યા હતા. ત્યારબાદ જુદા જુદા સ્ટોલની મુલાકાત લીધી હતી. પ્રાપ્ત માહિતી મુજબ દોઢ લાખ ચોરસમીટર વિસ્તારમાં ૨૦૦૦થી વધુ સ્ટોલ સાથે દેશના સૌથી મોટા વેપારી પ્રદર્શનને લઈને પહેલાથી જ ઉત્સુકતા પ્રવર્તી રહી હતી. ૧૩મી જાન્યુઆરી સુધી ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો ચાલનાર છે. ગ્લોબલ ટ્રેડ શોમાં ૧૦મીથી લઈને ૧૧મી જાન્યુઆરીના દિવસે વેપારી પ્રતિનિધિમંડળો, ઉદ્યોગોના જનપ્રતિનિધિઓ તથા ૧૨ અને ૧૩મી જાન્યુઆરીના દિવસે સામાન્ય લોકો પણ આ પ્રદર્શનમાં જઈ શકશે. ટ્રેડ શોમાં ૧૫૦થી વધુ હોટસ્પોટ સાથેના વાઈફાઈ નેટવર્ક ઉભા કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૦૩થી આનુ આયોજન કરવામાં આવે છે. હવે આઠમી વખત આનું આયોજન કરવામાં આવ્યું છે. દેશના સૌથી મોટા વ્યાપારીક પ્રદર્શન સમા આ પ્રદર્શનમાં ૨૦૦૦થી વધુ કંપનીઓ ભાગ લઈ રહી છે. અંદાજે ૧૫ થી ૨૦ લાખ લોકો આ પ્રદર્શનનો લાભ લે તેવી શક્યતા દેખાઈ રહી છે. આ ટ્રેડ-શોમાં ૧૫૦થી વધુ હોટ સ્પોટ સાથેનું વાઈ-ફાઈ નેટવર્ક ઉભું કરાયું છે. એરપોર્ટથી મહાત્મા મંદિર માર્ગ પર વધારાનો ટેલિકોમ ટાવર ઉભો કરાયો છે. વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શોમાં જે મહત્વના પેવેલીયન્સ ઉભા કરાયા છે તેમાં ઓટોમોબાઈલ્સ, એગ્રો એન્ડ ફુડ, એરોસ્પેશ એન્ડ ડિફેન્સ, એનર્જી એન્ડ પેટ્રોકેમીકલ્સ, પર્યાવરણ, આરોગ્ય સંભાળ, ફાર્મા, બાયોટેક, એન્જીનીયરીંગ એન્ડ મેન્યુફેકચરીંગ, અર્બન મોબીલીટી એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર, મેરીટાઈમ, સંશોધન અને વિકાસ, આઈટીઆઈટીઈએસ નાણાકીય સેવાઓ, સ્કીલ એજ્યુકેશન, ટેક્ષટાઈલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય સંગઠનો, મહિલા ઉદ્યોગ સાહસિકો, સુક્ષ્મ, નાના મધ્યમ ઔદ્યોગિક એકમો અને સ્ટાર્ટઅપ્સ ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું છે. સાથે સાથે પ્રદર્શનમાં કોર્પોરેટ, સેક્ટર, પબ્લિક સેક્ટર, પીએસયુ નવતર પ્રયોગો સહિત ભારતમાંથી એકત્ર કરાયેલ લોખંડમાંથી ઘડવામાં આવનાર સરદાર વલ્લભભાઈ પટેલની સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિમા અંગેનુ પ્રદર્શન રાખવામાં આવ્યું છે.

## એક્ઝીબીશન સેન્ટરમાં ૭ મજૂરોને ઝાડા-ઉલ્ટી, તો ૧ જવાનનો પગ લપસ્યો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરમાં એક્ઝીબીશન સેન્ટર ખાતે યોજાયેલ ગ્લોબલ ટ્રેડ શૉ માં ૭ જેટલા મજૂરોને ઝાડા-ઉલ્ટી થયાનું તેમજ ખાનગી સિક્યોરીટીનો જવાન પડી જતાં પગના લીગામેન્ટસમાં ઈજાઓ થઈ હતી.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે એક્ઝીબીશન સેન્ટર ખાતે બે મેડીકલ ટીમો તૈનાત કરવામાં આવેલ છે. જ્યાં છેલ્લા બે-ત્રણ દિવસથી સતત ફૂડપેકેટ ખાઈને સતત કામગીરી કરતા ૭ જેટલા મજૂરોને ઝાડા-ઉલ્ટી થયા હતા જેમને આ ટીમે સારવાર આપી હતી.

ગાંધીનગરના વાઈબ્રન્ટ ગ્લોબલ ટ્રેડ શૉ માં ૨૫૦ જેટલી કંપનીઓ ભાગ લેવા માટે આવેલી છે અને ૧૫૦૦ જેટલા સ્ટોલ્સ ઉભા કરવામાં આવેલા છે.

આ ટ્રેડ શૉ માં આજે કામની દોડધામ દરમ્યાન ખાનગી સિક્યોરીટી કંપનીનો એક જવાન રોડ પર પડી જતાં પગના લીગામેન્ટસને ઈજાઓ થઈ હતી.

આ જવાનને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ જ્યાં કોઈ મોટી ઈજા જણાઈ ન હોવાનું જાણવા મળેલ છે. જો કે પગે પાટો બાંધી અને આ જવાનને રજા આપવામાં આવી હોવાનું પણ જાણવા મળેલ છે.

વાયબ્રન્ટ સમિટની તૈયારીમાં સૌ કોઈ દિવસ-રાતની સતત દોડધામ કરી આખરી ઓપ આપવામાં વ્યસ્ત બન્યા છે.

## ગ્લોબલ ટ્રેડ શૉ ની સાથે સાથે...

- ગાંધીનગર ટાઉનહોલ નજીકના એક્ઝીબીશન સેન્ટર માટે રોજની ૧૫ મે.વો. જેટલી વીજનો વપરાશ થઈ રહ્યો છે.
- આ સેન્ટર ખાતે યોજાયેલ ગ્લોબલ ટ્રેડ સેન્ટરમાં ૮ તો એલઈડી સ્ક્રીન લગાવવામાં આવેલ છે. આ ઉપરાંત સેન્ટરમાં વિદેશી મહેમાનો માટે ખાસ ગોલ્ફ કાર પણ રાખવામાં આવેલ છે.
- ગ્લોબલ ટ્રેડ શૉ નું ઉદ્‌ઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બટન દબાવીને કર્યું હતું. આ પછી તેઓ ગોલ્ફ કારમાં ડોમ નં. ૧માં મુલાકાતે આવ્યા હતા. આ પછી મુખ્યમંત્રી રૂપાણી સાથે ગોલ્ફ કારમાં બેસી અન્ય સ્ટોલ્સની મુલાકાતે ગયા હતા.
- ગ્લોબલ ટ્રેડ શૉ ખાતે ફૂડકોર્ટનું પણ આયોજન કરાયુ છે. તેમજ સ્વચ્છતા માટે ખાસ ડસ્ટબીનો મુકવામાં આવ્યા છે જે ભરાતાં તુરત જ વાહન આવી અને તે લઈ જતા હતા.
- આજે પત્રકારોને જે તે સ્થાનો પર જવા માટે માહિતી ખાતાના વાહનોને પોલીસ ટીમ એસ્કોર્ટ કરી લઈ ગઈ હતી.
- ગ્લોબલ ટ્રેડ શૉ ના ઉદ્‌ઘાટનને લઈ સે. ૧૭ને જોડતા તમામ માર્ગો અવરજવર માટે બંધ કરાયા હતા.
- ગ્લોબલ ટ્રેડ શૉ ખાતે બે મેડીકલ ટીમોને ૨૪X૭ તૈનાત રાખવામાં આવી છે તેમજ ૧૦૮ એમ્બ્યુલન્સ પણ રાખવામાં આવેલ છે.
- ડિફેન્સ સેક્ટરના સ્ટોલ્સ સૌથી વધુ આકર્ષણ જમાવી રહ્યા છે.
- પ્રધાનમંત્રીના આગમન સમયે બીએસએફના બ્રાસ બેન્ડે વેલકમ ધૂમ રેલાવી હતી.

ઉત્તરાયણ કાઉન્ટ - ડાઉન : ઉત્તરાયણના આડે હવે માત્ર ત્રણ જ દિવસ બાકી છે ત્યારે બજારમાં પતંગ અને દોરી માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. વાયબ્રન્ટના ઝગમગાટ વચ્ચે પતંગ - દોરી બજાર ઉપસ્યું નથી પરંતુ શહેરના નાના-મોટા ખૂણે ખાંચરે દોરી - પતંગનું વેચાણ ધીમે ધીમે ગતિ પકડી રહ્યું છે.

## રાજ્યભરમાં તીવ્ર ઠંડીનો હવે ચમકારો : ગાંધીનગરમાં ૧૦ ડીગ્રી

ગાંધીનગર, તા.૯

ગુજરાતના જુદા જુદા ભાગોમાં ઠંડીમાં તીવ્ર ચમકારો જોવા મળ્યો છે. લઘુત્તમ તાપમાનમાં એકાએક ઉલ્લેખનિય ઘટાડો થઈ ગયો છે.

આજે લોકોને તીવ્ર ઠંડીનો અનુભવ થયો હતો. અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ઘટીને ૧૦.૭ ડિગ્રી થઈ ગયું હતું. જ્યારે માંડવીમાં ૯.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ગાંધીનગરમાં પણ ૧૦ ડિગ્રી તાપમાન થયું હતું. આજે રાજ્યના અનેક ભાગોમાં તાપમાન ૧૧ ડિગ્રીથી પણ નીચે પહોંચ્યું હતું. જેમાં અમદાવાદ, ગાંધીનગર, નલિયા, માંડવી, ભુજ, દીવ, રાજકોટ, અમરેલીનો સમાવેશ થાય છે. તમામ જગ્યાએ લઘુત્તમ તાપમાનમાં એકાએક ઘટાડો જોવા મળ્યો છે. ગાંધીનગર અને અમદાવાદ ઉપરાંત આજે નલિયામાં ૧૦.૨ ડિગ્રી તાપમાન રહ્યું હતું. જ્યારે રાજકોટમાં ૧૦.૪ ડિગ્રી તાપમાન રહ્યું હતું. આગામી દિવસોમાં પણ આવી જ સ્થિતિ રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. હાલમાં બપોર કરતા વધારે સાંજે ઠંડીનો અનુભવ આજે વધુ થયો હતો. ઉત્તર ભારતમાં એકબાજુ ઠંડીના લીધે જનજીવન ખોરવાયેલું છે.વર્તમાન સિઝનમાં નિષ્ણાત તબીબો દ્વારા ખાસ કરીને બાળકોને સાવધાન રહેવાની સલાહ આપવામાં આવી રહી છે. વાદળછાયું વાતરણ આજે સતત ચોથા દિવસે રહ્યું હતું. સવારમાં ઠંડી અને બપોરના ગાળામાં ગરમીનો અનુભવ હજુ પણ થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં ઈન્ફેકશન અને પેટના દુખાવાની ફરિયાદો જોવા મળી રહી છે. ઠંડીના કારણે લોકો હવે સાવધાન થઈ ગયા છે. હાલમાં નીચલી સપાટી પર પ્રદેશમાં પવનો ફુંકાઈ રહ્યા છે. તેની સીધી અસર જોવા મળી રહી છે.

## નરેન્દ્ર મોદીનું વિમાની મથકે સ્વાગત

અમદાવાદ, તા.૯

પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આજે બપોરે ગુજરાતના સપુત અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં બે દિવસના પ્રવાસે અમદાવાદ એરપોર્ટ ખાતે આવી પહોંચ્યા હતા. એરપોર્ટ ખાતે મુખ્યમંત્રી વિજય રૂપાણી, પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ, કેન્દ્રીય કેબીનેટ મંત્રીઓ પરશોત્તમભાઈ રૂપાલા, મનસુખભાઈ માંડવીયા, જશવંતસિંહ ભાભોર, રાજયના કેબીનેટ મંત્રીઓ, પ્રદેશ સંગઠનના વિવિધ પદાધિકારીઓ, અમદાવાદના મેયર ગૌતમભાઈ શાહ અને મોટી સંખ્યામાં ભાજપાના કાર્યકરોએ હાજર રહીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું અને વાઈબ્રન્ટ વતનમાં વહાલથી વધાવ્યા હતા. વાઘાણીએ જણાવ્યું હતું કે, ગુજરાત જેમના અંતરમાં સમાયેલુ છે એવા આપણા લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા પછી ૧૦મી વખત ગુજરાતમાં આવી રહ્યા છે. તેઓએ ૨૦૧૫ની વાઈબ્રન્ટ સમિટમાં ઉદ્ઘાટન સત્રમાં હાજરી આપી હતી અને હવે ૨૦૧૭ની વાઈબ્રન્ટ સમિટના ઉદ્ઘાટન સત્રમાં હાજરી આપવાના છે. પંડ્યાએ વધુમાં ઉમેર્યું કે, આ વખતની વાઈબ્રન્ટ સમિટના ઉદ્ઘાટન સત્રમાં હાજરી આપવાના છે. આ વખતની વાઈબ્રન્ટ સમિટ કઈક વિશેષ બની રહેવાની છે. આ ઐતિહાસિક સમિટમાં ૧૨ જેટલા દેશો કન્ટ્રી પાર્ટનર તરીકે જોડાયા છે, ૨૫ જેટલા જુદા જુદા વાણિજ્યિક ક્ષેત્રોમાં રોકાણ થવાનું છે.

## આ વાઈબ્રન્ટ સમિટમાં ૨૦૧૫ કરતા વધુ એમઓયુ

### ૨૦૧૫માં ૨૧૩૦૪ એમઓયુ કરાયા હતા

વાઈબ્રન્ટ ગુજરાત સમિટની આવતીકાલથી શરૂઆત થઈ રહી છે ત્યારે આ સમિટમાં મોટી સંખ્યામાં મૂડીરોકાણના એમઓયુ કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. અગાઉની સરખામણીમાં આ વખતે વધારે સંખ્યામાં એમઓયુ કરવામાં આવનાર છે. વાઈબ્રન્ટ સમિટને લઈને ભારે ઉત્સુકતા પ્રવર્તી રહી છે. ૨૦૧૫માં યોજાયેલી સમિટમાં ૨૫૦૦ પ્રતિનિધિઓ જોડાયા હતા. ૧૧૦ દેશોના પ્રતિનિધિઓ આમાં જોડાયા હતા. જ્યારે ૨૦૦૩ની એડિશનમાં આ સંખ્યા ૧૦૦૦ ભાગીદારોની રહી હતી. જ્યારે ૨૩૦ વિદેશી પ્રતિનિધિઓ જોડાયા હતા. આવતીકાલથી શરૂ થઈ રહેલી આ વાઈબ્રન્ટ સમિટમાં વધુ સંખ્યામાં એમઓયુ થવાની શક્યતા દેખાઈ રહી છે. વર્ષ ૨૦૧૫માં ૨૧૩૦૪ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા અને રોકાણનો આંકડો ૨૫૦૦૦૦ કરોડનો રહ્યો હતો. આ વખતે ફોર્ચ્યુના ૫૦૦ કંપનીઓના ત્રણ ડઝનથી વધુ સીઈઓ પણ ભાગ લઈ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે વાઈબ્રન્ટની શરૂઆત કરવામાં આવી હતી. હવે વાઈબ્રન્ટનું કદ ધીરે ધીરે વધી રહ્યું છે. આવતીકાલથી શરૂ થતા વાઈબ્રન્ટ સમિટમાં આ વખતે વધુ સંખ્યામાં મૂડીરોકાણકારો પણ જોડાઈ રહ્યા છે. મલ્ટી ગ્લોબલ ઈવેન્ટ તરીકે આ સાબિત થશે. આંતરરાષ્ટ્રીય મંચ પર બની રહેનાર છે. વાઈબ્રન્ટમાં આ વખતે નવા કાર્યક્રમો પણ ઉમેરી લેવામાં આવ્યા છે. મોદીએ જ આની શરૂઆત ૨૦૦૩માં કરી હતી. વાઈબ્રન્ટ સમિટ હવે લોકપ્રિયતાના મામલામાં પણ ખૂબ આગળ છે.

### ખાતમૂહૂર્ત

● અનુસંધાન પહેલાનું ચાલુ

લિમિટેડ (IRSDC) આ હોટલ અને રેલવે સ્ટેશન બનાવશે. જ્યારે રાજકોટ બેઝ આર્કિટેક્ચર કંપની ટેક્નિકલ કન્સલ્ટન્સી પૂરી પાડશે.

આ પ્રોજેક્ટ અંગેની પુષ્ટી કરતાં ઈજીપ્તના ચિફ એઝ્યેક્યુટિવ ઓફિસર એસ.કે. લોહિયાએ જણાવ્યું હતું કે, ભારતમાં આ પ્રકારનો પહેલો પ્રોજેક્ટ છે. સેન્ટ્રલ બેસ પ્રોજેક્ટમાં ૩૦૦ રૂમ ધરાવતી હોટેલ ફાઈવ સ્ટાર સુવિધાઓથી સજ્જ હશે. બીજી હોટલ જેમાં ૪૦૦ રૂમ હશે. આ હોટલમાં ઓપન બાલ્કની અને સ્વિમિંગ પૂલ અને ગાર્ડન ધરાવતી હશે. ગાંધીનગર કેપિટલ સ્ટેશનમાં મુસાફરોના પ્રસ્થાન અને આગમન માટે અલગ અલગ એન્ટ્રી અને એક્સિટ હશે.

૧ હજાર કાર, ૨૦૦ દ્વિચક્રી વાહનો, ૧૦૦ ઓટોરીક્ષા માટે પાકલ્ગ વ્યવસ્થા હશે. ૩૦૦ અત્યાધુનિક સુવિધા સાથે ફાઈવસ્ટાર હોટેલની સુવિધા. ૬, ૮ અને ૧૦ માળના ત્રણ ટાવરનું નિર્માણ કરાશે. ૨૧ હજાર સ્કવેર મીટર હોટેલનો બિલ્ટઅપ એરિયા. જેમાં ૨૯૦૦ સ્કવેર્ડ મીટર એરિયા ઓફિસ માટે ફાળવાશે. અંદાજે ૬૧ મીટર ઉંચાઈ સાથે ગાંધીનગરની સૌથી મોટી ઈમારતનું નિર્માણ હશે.

### મહેમાન છે છતાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

PMનો સમય ન બગડે અને ચોક્કસ સ્ટોલ પર તેમની વિઝિટ થાય તે માટે સજાગ રહેવા જણાવવામાં આવ્યું છે.

આવતી કાલે આઠમી વાઈબ્રન્ટ સમિટનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે. આ અગાઉની સાત વાઈબ્રન્ટ સમિટનું ઉદ્ઘાટન સવારે કરવામાં આવ્યું હતું, જ્યારે પહેલીવાર વાઈબ્રન્ટ સમિટનું ઉદ્‌ઘાટન સવારે નહીં પણ બપોરે કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલા સમયથી ચાલી રહેલી વાઈબ્રન્ટ સમિટની તૈયારીઓ પર PMO ની દેખરેખ હતી અને તેમના સૂચનો પ્રમાણે જ બધા કાર્યક્રમો પણ નક્કી કરવામાં આવ્યા હતા. PMOએ જ સમિટનું ઉદ્ઘાટન બપોરનું રાખવાનું સૂચવ્યું હતું.

વાઈબ્રન્ટ સમિટના ઉદ્ઘાટન કાર્યક્રમમાં નરેન્દ્ર મોદી સાથે સ્ટેજ ઉપર કેટલા મહેમાનો બેસશે તેનો અંતિમ નિર્ણય ખુદ વડાપ્રધાને કરેલો છે. અગાઉ ૨૦૧૪ની વાઈબ્રન્ટ સમિટમાં નરેન્દ્ર મોદી સાથે સ્ટેજ ઉપર ૧૧૯ મહેમાનોને હાજર રાખવામાં આવ્યા હતા, જ્યારે આ વખતે મોદી સાથે મંચ પર ૧૨૫ મહાનુભાવો સ્ટેજ પર જોવા મળશે. જ્યારે સ્ટેજ પર મહેમાનો માટે ત્રણ રો નક્કી કરવામાં આવી છે. કોને-ક્યાં બેસાડવા તે પણ મોદીએ જ નક્કી કર્યું છે. નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા પછી તેમની આ બીજી સમિટ છે.

સમિટના ઉદ્ઘાટન દરમિયાન નરેન્દ્ર મોદી કેટલા લોકોને મળશે તેની સંપૂર્ણ જવાબદારી PMO તથા CMOના કે.કૈલાશનાથનને સોંપવામાં આવી છે. વિદેશથી આવતાં મહેમાનોને નરેન્દ્ર મોદી સાથે વન ટુ વન મિટિંગ અંગેનું ફાઈનલ લિસ્ટ પણ ખુદ વડાપ્રધાને નક્કી કર્યું છે. તે મુજબ તેઓ એટલા જ મહેમાનોને મળશે. ખાસ કરીને દેશ-વિદેશના ઝઈ સાથે વધુ સમય વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફાળવશે.

### એમઓયુનો દાવો

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને પોલેન્ડના નાયબ વડાપ્રધાન અને સાંસ્કૃતિક બાબતોના મંત્રી પોઈટર ગ્લિન્સ્કીનો સમાવેશ થાય છે. આવતીકાલે વાઈબ્રન્ટ સમિટનું ઉદઘાટન થાય તે પહેલાં વડાપ્રધાન મોદી આ દેશો પૈકીના કેટલાંક દેશોના વડાઓ સાથે વિધિવત મંત્રણાઓ કરશે.

મહત્વની વાત છે કે આ વર્ષે વિશ્વના ૧૨ દેશો વાઈબ્રન્ટ સમિટમાં બીઝનેસ પાર્ટનર થવા સંમત થયા છે જેમાં યુએસએ, યુકે, ઓસ્ટ્રેલિયા, કેનેડા, ડેન્માર્ક, ફ્રાન્સ, જાપાન, નેધરલેન્ડ, પોલેન્ડ, સિંગાપોર, સ્વિડન અને યુએઈનો સમાવેશ થાય છે.

વાઈબ્રન્ટ સમિટનું ઉદઘાટન કર્યા બાદ વડાપ્રધાન મોદી સીઈઓની કોન્ફરન્સમાં હાજરી આપશે જેમાં ગ્લોબલ કંપનીઓના સીઈઓ અને ભારતની મહાકાય કંપનીઓના સીઈઓ તથા દેશના અગ્રણી ઉદ્યોગપતિઓ હાજરી આપશે. જે ૫૦ ગ્લોબલ કંપનીઓના સીઈઓ કોન્ફરન્સમાં હાજરી આપવાના છે તે પૈકી ૨૫ સીઈઓ ભારતીય કંપનીઓના છે જ્યારે બાકીના ૨૫ સીઈઓ અમેરિકન, જાપાનીઝ, ફ્રેન્ચ, ડચ અને તાઈવાનીઝ કંપનીઓના છે એમ ગુજરાતના અધિક મુખ્ય સચિવ પી. કે. તનેજાએ કહ્યું હતું.

આ સીઈઓમાં ટેકનોલોજીના ક્ષેત્રે વિશ્વભરમાં જાયન્ટ ગણાતી સિસ્કોના ચેરમેન જ્હોન ચેમ્બર, બોઈંગ ઈન્ટરનેશનલ કંપનીના પ્રેસિડેન્ટ બર્ટાન્ડ માર્ક એલેન, અને ફ્રેન્ચ ઈલેકટ્રીસીટી જાયન્ટ ઈડીએફના સીઈઓ જીન બર્નાર્ડ લેવીનો સમાવેશ થાય છે.

૧૫૦૦ જેટલા નેશનલ અને ઈન્ટરનેશનલ ડેલિગેટ્સ ઉપરાંત ૬ રાજ્યોના મુખ્યમંત્રીઓ અને સમસ્ત વિશ્વભરમાંથી વિવિધ ઉદ્યોગોનો માંધાતાઓ, કેન્દ્ર સરકારના ૧૨ મંત્રીઓ અને નાણાંમંત્રી અરૂણ જેટલી આ સમિટમાં ઉપસ્થિત રહેશે. આ સમિટ ઉપરાંત જીએસટી જેવા અતિ મહત્વના વિષયોની ચર્ચા કરવા અલગથી એક સેમિનારનું પણ આયોજન કરવામાં આવ્યું છે જેમાં રિઝર્વ બેંકના ગવર્નર ઉર્જિત પટેલ પણ ઉપસ્થિત રહેશે.

### એક્ષચેન્જનું ઉદ્‌ઘાટન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફાઈનાન્સ અને ટેકનોલોજીના સમન્વયથી ભારતનું ભાવિ ઉજ્જવળ છે. જૂન ૨૦૧૩માં મોદીએ બોમ્બે સ્ટોક એક્ષચેન્જની મુલાકાત લીધી હતી. ૨૦૧૫માં વાઈબ્રન્ટ ઈવેન્ટમાં ગુજરાત સાથે એમઓયુ કરાયા હતા. આજે ઉદ્‌ઘાટન કરીને તેઓ ગર્વ અનુભવ કરી રહ્યા છે. આ મહત્વપૂર્ણ સિદ્ધિ સમાન છે. ગિફ્ટ સિટી દેશનું પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સ સર્વિસ સેન્ટર આઈએફએસસી બન્યું છે. જેમાં ઓફશોર બેંકિંગ ઈન્સ્યોરન્સ, ઓફશોર એસેટ મેનેજમેન્ટ, કેપિટલ માર્કેટ સાથે સંકળાયેલી સેવાઓ શરૂ થઈ શકે છે, કેટલીકની શરૂઆત થઈ ચુકી છે. આ અગાઉ જે રોકાણની જાહેરાત થઈ ચુકી છે. તેમાં જેનો સમાવેશ થાય છે, તેવા પ્રોજેક્ટમાં એસબીઆઈ પોતાનો ટાવર ઊભો કરવાની સાથે ૨૦૦ કરોડ રોકશે, રિલાયન્સ કેપિટલ ૨૦૦ કરોડ રોકશે તેવી જાહેરાત થઈ ચુકી છે. સ્ટર્લિંગ હોસ્પિટલ સ્થાપવા જઈ રહી છે, તે પણ ૭૦ થી ૧૦૦ કરોડનું રોકાણ કરશે. ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટીમાં ભારતના પ્રથમ એવા ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસિસ સેન્ટરએ ૧૦ કરોડ ડોલરથી વધુના બિઝનેસ ટ્રાન્ઝેકશન કર્યો છે. ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં સાંજે આને ખુલ્લુ મુકવાની વિધિ હાથ ધરવામાં આવી હતી. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૭માં બોમ્બે સ્ટોક એક્સચેન્જ તેના ઈન્ટરનેશનલ એક્સચેન્જ ઉપરાંત બીએસઈ ઈન્સ્ટિટ્યુટ સ્થાપવા જઈ રહી છે. બીએસઈ તેના ઈન્ટરનેશનલ એકસચેંજ અને ક્લિયરીંગ ફેસિલિટી માટે થઈને કુલ ૫૦૦ કરોડ જેટલું રોકાણ કરશે. સાથે સાથે બીએસઈ તાલીમ માટે એક ઈન્સ્ટિટ્યુટ પણ શરૂ કરશે. આ ઉપરાંત એનએસઈ પણ બીએસઈની તરાહ પર ૫૦૦ કરોડનું રોકાણ કરશે. પ્રથમ ઈન્ટનેશનલ એક્ષચેન્જનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યા બાદ વેપારી ગતિવિધિઓમાં પણ નોંધપાત્ર વધારો થાય તેવી પ્રબળ શક્યતા દેખાઈ રહી છે. ઉત્સુકતા પણ સતત વધી રહી છે.